# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ
# સહકારી શરાફી મંડળી લિ.

રજી. નં. સે. ૨૭૬૪૯ તા. ૧૬-૦૬-૧૯૯૭

SHRI CUTALARY-KARIYANA MER.
SAH. SHARAFFI MANDLI LTD.,
MODASA.



## 26Th ANNUAL REPORT

YEAR-2022-2023

તા.૩૧-૦૩-૨૦૨૩ અંતિત    ઓડીટ વર્ગ : "अ"


**પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન

**નવીનભાઈ વી. શાહ**
વાઈસ ચેરમેન

**રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેક્ટર

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર



**શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.**
માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ.અરવલ્લી, ફોન નં.૦૨૭૭૪-૨૪૫૧૪૬
E-mail : ckms1997.mod@gmail.com, Web : www.ckmsmodasa.in

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સને ૨૦૨૨-૨૦૨૩



**શ્રી રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેક્ટર



**શ્રી પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન



**શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ**
સી.ઈ.બી. (સલાહકાર)



**શ્રી નવીનચંદ્ર વી. શાહ**
વાઈસ ચેરમેન



**શ્રી ઈકબાલહુસેન ડી. કાંકરોલીયા**
ડિરેક્ટર



**શ્રી પ્રવિણભાઈ જે. પટેલ**
ડિરેક્ટર



**શ્રી મનિષભાઈ કે. ભાવસાર**
ડિરેક્ટર



**શ્રી નરેન્દ્રભાઈ એચ. શાહ**
ડિરેક્ટર



**શ્રી જયેશભાઈ સી. ગાંધી**
ડિરેક્ટર



**શ્રી કિરીટકુમાર આર. શેઠ**
ડિરેક્ટર



**શ્રી અબ્દુલરહેમાન એ. સુથાર**
ડિરેક્ટર



**શ્રી મુકુંદકુમાર એસ. શાહ**
ડિરેક્ટર



**શ્રી તારાચંદભાઈ પી. શાહ**
ડિરેક્ટર



**શ્રીમતી જ્યોત્સનાબેન એમ. ભાવસાર**
ડિરેક્ટર



**શ્રીમતી નિધીબેન વી. શેઠ**
ડિરેક્ટર



**શ્રી દિલીપ એમ. પ્રજાપતિ**
એકાઉન્ટન્ટ



**શ્રી નરેશ આર. શાહ**
મેનેજર



**શ્રી હસમુખ એસ. પ્રજાપતિ**
કલાર્ક



**શ્રી મિનેષસિંહ એન. સોલંકી**
કલાર્ક

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

## ॥ ચેરમેનશ્રીનું નિવેદન ॥



વ્હાલા સભાસદ ભાઈઓ અને બહેનો,

કુશળ હશો.

આપ સૌના સાથ અને સહકારથી, વિશ્વાસ અને હૂંફથી આપની મંડળીનો રજત જયંતિ મહોત્સવ ખૂબજ રંગે ચંગે ઉજવાઈ ગયો તેનો મને અને આપણને સૌને અત્યંત આનંદ છે. આપણી મંડળીની ર૬મી વાર્ષિક સભામાં આપ સૌનું સ્વાગત કરતાં આનંદ અનુભવું છું.

અનેક વિટંબણાની વચ્ચે પણ આપ સૌના સાથ અને સહકારથી, ડિરેકટરશ્રીઓના હકારાત્મક અભિગમથી, સ્ટાફની નિષ્ઠાથી પ્રગતિનો ગ્રાફ આપણે ઉંચે ને ઉંચે લઈ જવામાં સફળ રહયા છીએ. જીલ્લા સંઘના પરિક્ષણમાં હંમેશા અગ્રેસર રહયા છીએ અને એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. દર વર્ષની જેમઆ વર્ષે ઓડીટ વર્ગ “अ” પ્રાપ્ત કર્યો છે. Zero NPA - Zero OverDue થી ચાલતી પ્રણાલીકા ચાલુ વર્ષે પણ રહી છે તેનો મને વિશેષ આનંદ છે.

તા. ૨૫–૮–૯૭ થી શરૂ થયેલ મંડળી આજે જિલ્લામાં ઉચ્ચ શિખરે પહોંચી છે. ગઈ સાલની રજત જયંતિ વર્ષ દરમ્યાન સભાસદોને આશરે કુલ રૂા. ૨૨૦૦ ઉપરની પાંચ વખત ગીફ્ટ આપી સૌને ખુશ કરેલ હતા. તે મુજબ આ વર્ષે પણ એજ રફતાર ચાલુ રાખી આપ સૌને ઉપયોગી સુંદર ગીફ્ટ આપવાનું બોર્ડે નકકી કર્યું છે. જેની પ્રક્રિયા હાલ ચાલુ છે. દરેક વખતની જેમ ચાલુ વર્ષે પણ ઉત્તમ અને ગૃહ ઉપયોગી ગીફ્ટ આપવાનો અભિગમ અપનાવીએ છીએ. તેથી સૌને સંતોષ સાથે આનંદ થાય છે. ખાસ આંખે ઉડીને વળગે તેવી વિશિષ્ટતાઓ જણાવું તો ...

૧ આપણી મંડળીનું પોતાનું સંપૂર્ણ ફર્નિચરવાળું મકાન–સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ –એસી સાથે બોર્ડ રૂમ–મેનેજર કેબીન – કેશીયર વિભાગ અને ચેરમેન કેબીન સાથે સભાસદ માટે પણ બેઠક વ્યવસ્થા સાથેનું એક માત્ર બિલ્ડીંગ આપણે ધરાવીએ છીએ. ૧૨૫ વ્યક્તિ બેસી શકે તેવો અદ્યતન એસી સાથે સાઉન્ડ સીસ્ટમસાથે સભાખંડ પણ બનાવેલ છે તે મોડાસામાં માત્ર આપણી મંડળી જ ધરાવે છે તેનો મને આનંદ છે.

૨ મંડળીની શરૂઆતથી દૈનિક રીકરીંગ એજન્ટ મારફતે કરાવી એજન્ટોને રોજી આપી અને સભાસદોને બચત કરવાનો અભિગમ અપનાવ્યો છે.

૩. સભાસદનું કુદરતી મૃત્યુ થતાં અંત્યેષ્ઠિક્રિયા માટે તેમના વારસદારોને રૂા. ૫૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.

૪. સભાસદનું આકસ્મિક (એકસીડેન્ટ)માં મૃત્યુ થતાં તેમના વારસદારોને રૂા. ૨૫૦૦૦/ ની સહાય આપવામાં આવે છે.

૫. સભાસદોના બાળકોને ધો.૧૦ અને ધો ૧૨ ની બન્ને ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર બાળકોને ઈનામ આપવામાં આવે છે. બાકીના બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

૬. બ્લડ ડોનેશન કેમ્પ, નેત્રયજ્ઞ, થેલેસેમીયાના દર્દી માટે નો કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ વગેરેનું અવાર નવાર આયોજન કરવામાં આવે છે અને તેનો લાભ મોડાસાની જનતાને મળે છે તેનો આનંદ થાય છે.

૭. મંડળીના પ્રિફર્ડ ગ્રાહકોનો એટલે કે મોટા થાપણદારો અને સારા મોટા ધિરાણ લેનારને (સમયસર લોન ના હપ્તા ભરનાર) સભ્યો માટે સત્કાર અને મિલન સમારંભ ગોઠવવામાં આવે છે જેમાં દરેકને ગીફ્ટ આપી એક વિશિષ્ટ કાર્યક્રમકરવામાં આવે છે.

૮. કોરોના સમય દરમ્યાન સરકારશ્રીની આત્મનિર્ભર સહાય યોજના અંતર્ગત ૭૦ સભાસદોને ૬૪ લાખ રૂપિયાની લોન આપી સરકારશ્રીના લોક કલ્યાણના કાર્યોમાં મદદ કરવામાં આવી છે.

૯. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ સહાયમાં પણ ૬૦ મહિલા સખી મંડળને દરેકને રૂા. ૧,૦૦,૦૦૦/– ની લોન આપી સરકારશ્રીના લોક કલ્યાણમાં સહકાર આપેલ છે. એક માત્ર આપણી જ મંડળીએ આ ઉત્તમ કાર્ય કર્યું છે. તેનો આનંદ થાય છે.

૧૦. ર્ડા. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલને અત્યાર સુધીમાં ચાર વખત આર્થિક સહાય કરેલ છે.
(૧) ૭૧૦૦૦/– રૂમ માટે (૨) ૧,૨૫,૦૦૦/– બે રૂમ માટે
(૩) બેબી વોર્મર સેટ માટે રૂા ૧,૩૬,૦૦૦/– (૪) જુદા જુદા કેમ્પ માટે રૂા. ૫૦૦૦૦/–
(૫) સભાસદો એ પણ રૂા. ૮૦,૦૦૦/– ની સહાય આપેલ છે.

૧૧. મોડાસા મહાજન સંચાલિત સ્મશાનમાં ભઠ્ઠી માટે લાકડા માટે સહાય આપેલ છે.

૧૨. કોરોનામાં અનાજ કીટ, દવાઓ, માસ્ક વગેરે આપીને લોકોપયોગી સેવા કરેલ છે.

૧૩. મોડાસા હાઈસ્કૂલ/ બી કનાઈ સ્કૂલ વગેરે માં બાળકોને લગતા કાર્યક્રમમાં આર્થિક સહાય કરી છે.

૧૪. મારા જન્મદિવસના પ્રસંગે કાર્યક્રમકરી મારા મિત્રોએ ૪ એસી રૂા. ૨,૦૦,૦૦૦/– ના મોડાસા કેળવણી મંડળને ભેટ આપેલ છે. તેનો મને આનંદ છે. અને સૌ મિત્રોનો આભાર વ્યકત કરૂ છું.

૧૫. મોડાસા કોલેજ– મ.લા.ગાંધી ઉ.કે.મંડળની બી.એડ. કોલેજના સુવર્ણ જયંતિ પ્રસંગે એક રૂમના રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે એક લાખ રૂપિયા પુરા) મંડળીએ આપેલ છે તેનો આનંદ થાય છે.

૧૬. સમયે સમયે શહેરમાં લોકોપયોગી કાર્ય કરતા મહાનુભાવોનું સન્માન પણ આપણી સંસ્થા થી કરવામાં આવે છે.

૧૭. ડૉ. નવીનભાઈ આર. શેઠ કુલપતિશ્રી (જી.ટી.યુ.) નું ભવ્ય સન્માન આપણી સંસ્થાથી કરવામાં આવેલ તેના આપ સૌ સાક્ષી છો.

૧૮. આપણા તમામસમારંભોમાં ગુજરાત ચેમ્બરના પ્રમુખશ્રીઓ, ગુજરાતના જાણીતા ઉધ્યોગપતિઓ, બેન્કોના ચેરમેનશ્રીઓ સૌ ઉપસ્થિત રહી સમારંભને હંમેશા શોભાયમાન કરે છે.

ઉપરોક્ત તમામ સદ્પ્રવૃત્તિઓ આપ સૌના સાથ અને સહકારથી થઈ શકી છે તેનો મને આનંદ છે.

ખાસ કરીને મારા સાથી મિત્રો સૌ ડિરેક્ટરશ્રીઓ, સ્ટાફ મિત્રો ને કેમભૂલાય ?

મારા મુરબ્બી સ્થાપક ચેરમેનશ્રી હાલના સીઈબી ઈસ્માઈલભાઈ દાદુ ૮૮ વર્ષની ઉંમરે પણ તેમની ૧૦૦ ટકા હાજરી સાથે સંપૂર્ણ સાથ સહકાર અને માર્ગદર્શન આપતા રહયા છે. તેમનો અમો સૌ આભારી છીએ.

મારા પ્રિય મિત્ર એમ.ડી. રમણભાઈ પ્રજાપતિ પણ એટલો જ સાથ સહકાર આપી રહયા છે. તેઓ રોજે રોજ મંડળીમાં એકથી બે કલાક હાજર રહી કાયમી કાર્યમાં જરૂરી માર્ગદર્શન આપી રહયા છે. અને મારી જવાબદારી હળવી કરી રહયા છે. તેમનો ખાસ આભાર.

વાઈસ ચેરમેન નવીનભાઈ શાહ પણ એટલી જ હૂંફ આપે છે. અને સંપૂર્ણ સાથ સહકાર આપે છે. તેમનો આભાર વ્યક્ત કરૂ છું.

મારા તમામ ડિરેક્ટર મિત્રો –બહેનો સૌ ૧૦૦ ટકા હાજર રહી પોતાના ખર્ચે મિટીંગોની વ્યવસ્થા કરી જરૂરી માર્ગદર્શન આપી રહયા છે. ધિરાણ હોય કે થાપણ હોય કે વસૂલાત હોય સૌ સાથે રહી કાર્ય કરી રહયા છે. તેનો મને ખૂબ આનંદ છે. એજ રીતે મેનેજર નરેશભાઈ, દિલીપભાઈ, હસમુખભાઈ અને સોલંકીભાઈ સૌ સંપૂર્ણ નિષ્ઠાથી પ્રામાણિકતાથી ધગશ અને ખંતથી કાર્ય કરી રહયા છે. અને તેથી જ સુંદર પરિણામપ્રાપ્ત થાય છે. આ સૌ સ્ટાફ મિત્રોનો અંત્યંત આભારી છું. સૌને ધન્યવાદ આપું છું.

**મંડળીની સ્થિતિ વિશે :**

**સભાસદ સંખ્યા અને શેર ભંડોળ :** સભાસદ સંખ્યા ૧૮૩૭ છે અને શેરભંડોળ રૂા. ૧૨,૯૭,૬૫૦/– છે.

**થાપણ :** ચાલુ વર્ષે થાપણ રૂા. ૨૦,૩૧,૭૫,૬૯૨/– છે. જે ગત વર્ષે રૂા. ૧૮,૯૭,૯૨,૫૪૮/– હતી જે ૭.૦૫ ટકા વૃધ્ધિ દર્શાવે છે. આપ સૌનો અત્યંત વિશ્વાસ દર્શાવે છે.

**ધિરાણ :** ચાલુ વર્ષે રૂા. ૧૯,૩૫,૧૦,૩૮૭/– નું ધિરાણ થયું છે. જે ગત વર્ષે રૂા. ૧૬,૫૪,૯૯,૬૯૮/– હતું ચાલુ વર્ષે ધિરાણના વ્યાજ દરો પણ ઘટયા છે. હરિફાઈ ઘણી છે. છતાં ૧૬.૯૨ ટકા જેટલી વૃધ્ધિ ધિરાણમાં થઈ છે. તેનો આનંદ છે.

**વસુલાત :** ૧૦૦ ટકા વસુલાત સાથે Zero NPA સાથે Zero OverDue થી કાર્ય થાય છે. તેનો યશ એમ.ડી., ડીરેક્ટરશ્રીઓ અને ખાસ કરીને નરેશભાઈ (મેનેજરશ્રી) અને સ્ટાફ મિત્રોને જાય છે.

**સભાઓ :** એક વાર્ષિક સાધારણ સભા અને ૧૪ કારોબારી સભાઓ કરવામાં આવી છે. ૧૦૦ ટકા હાજરી સાથે ખૂબજ સારા નિખાલસભર્યા વાતાવરણમાં હકારાત્મક વિચારો સાથે બધી જ સભાઓ ભરવામાં આવે છે. ડિરેક્ટર બહેનો પણ ૧૦૦ ટકા હાજરી સાથે મિટીંગમાં હાજર હોય છે. તેમને ખાસ અભિનંદન..

**કુદરતી મૃત્યુ સહાય :** કુદરતી મૃત્યુ થતાં સભાસદના વારસદારોને રૂા. ૫૦૦૦/ આપીએ છીએ તે મુજબ ચાલુ વર્ષે ૧૩ સભાસદના મૃત્યુ થતાં રૂા. ૫૭,૫૦૦/ વારસદારોને સહાય આપવામાં આવેલ છે.

**ડિવિડન્ડ :** ચાલુ વર્ષે ૧૨ ટકા ડિવિડન્ડ આપવા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ છે તેને આપ સૌ અનુમોદન આપશો તેવી આશા છે.

**ઓડિટ :** ચાલુ વર્ષે મંડળીનું ઓડીટ ઓડિટરશ્રી મણીભાઈ એસ. સુતરીયા સાહેબે સને ૨૦૨૨–૨૩ વર્ષનું ઓડીટ કરેલ છે. તેઓશ્રીએ યોગ્ય માર્ગદર્શન અને સહકાર આપી મંડળીની કામગીરી બિરદાવી છે. અને ઓડીટ વર્ગ 'અ' આપેલ છે. આપણને ગર્વ છે આપણે કાયમી 'અ' વર્ગ પ્રાપ્ત કરી મંડળી હંમેશા શ્રેષ્ઠ રહી છે.

**નફાની વહેંચણી :** ચાલુ વર્ષે ચોખ્ખો નફો જે થયેલો છે તેમાંથી આકસ્મિક જવાબદારી (ઈન્કમટેક્ષ માટે ) રૂા. સાત લાખ બાદ કરતાં ચોખ્ખો નફો રૂા. ૬૫,૦૯,૧૯૪–૬૦ નો થયો છે. જે ગઈ સાલ કરતાં ખૂબ સારો વધારો થયો છે. જેનો મને ગર્વ છે. સમગ્ર નફાની વહેંચણી પેટા નિયમ મુજબ નીચે મુજબ કરવામાં આવી છે. તેને આપ સૌ અનુમોદન આપશો તેવી આશા છે.

**નફાની વહેંચણી નીચે મુજબ છે.**

| ફંડ | ટકાવારી | | વહેંચણી |
|---|---|---|---|
| રીઝર્વ ફંડ | ચોખ્ખા નફાના | ૫૦.૦૦ % | ૩૨,૫૪,૬૦૦–૬૦ |
| ડિવિડન્ડ | વસુલ થયેલ શેર ભંડોળના | ૧૨.૦૦ % | ૧,૫૪,૩૦૨–૦૦ |
| ડિવિડન્ડ ઈક્વી. ફંડ | ચોખ્ખા નફાના | ૨.૦૦ % | ૧,૩૦,૧૮૪–૦૦ |
| શિક્ષણ ફંડ | ચોખ્ખા નફાના | ૨.૦૦ % | ૧,૩૦,૧૮૪–૦૦ |
| | કુલ | | ૩૬,૬૯,૨૭૦–૬૦ |

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

| | | |
|---|---|---|
| | બાકી નફો...... રૂા. ૨૮,૩૯,૯૨૪-૦૦ | |
| સહકાર પ્રચાર ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૨,૮૩,૯૯૨-૦૦ |
| સભાસદ વેલ્ફેર ફંડ | ૩૫% મુજબ બાકી નફાના | ૯,૯૩,૯૭૩-૦૦ |
| મકાન ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૨,૮૩,૯૯૨-૦૦ |
| ધર્માદા ફંડ | ૫% મુજબ બાકી નફાના | ૧,૪૧,૯૯૭-૦૦ |
| શકમંદ લેણા ફંડ | ૧૫% મુજબ બાકી નફાના | ૪,૨૫,૯૮૯-૦૦ |
| ઉત્સવ ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૨,૮૩,૯૯૨-૦૦ |
| સ્ટાફ બેનીફીટ ફંડ | ૫% મુજબ બાકી નફાના | ૧,૪૧,૯૯૭-૦૦ |
| સ્ટાફ બોનસ | ૧૦% મુજબ બાકી નફાના | ૧,૬૮,૦૦૦-૦૦ |
| | બે પગાર,બાકીના રિઝર્વ ફંડમાં | ૧,૧૫,૯૯૨-૦૦ |
| | કુલ.... | ૬૫,૦૯,૧૯૪-૬૦ |

**આભાર દર્શન :**

સૌ પ્રથમઆપ સૌ સભાસદોએ અમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી અમોને પ્રેરક બળ પુરુ પાડેલ છે. તેથી જ સારૂ કાર્ય કરી શકયા છીએ. તેથી આપ સૌનો આભાર વ્યકત કરૂ છું.

આપણી મંડળીના સ્થાપક ચેરમેન મુરબ્બી શ્રી ઈસ્માઈલભાઈ ૮૮ વર્ષે પણ ૧૦૦ ટકા હાજર રહી સંપૂર્ણ માર્ગદર્શન આપી અમારા કાર્યમાં સહકાર આપે છે તેનો આનંદ થાય છે. તેમનો આભાર વ્યકત કરતાં આનંદ અનુભવું છુ.

મંડળીના વાઈસ ચેરમેન શ્રી નવીનભાઈ શાહ પણ સંપૂર્ણ સાથ સહકાર આપે છે. તેમના અનુભવોનો લાભ પણ મળે છે. તેનો અમોને આનંદ છે તેમનો આભાર.

ખાસ આભાર મંડળીના એમ.ડી. શ્રી રમણભાઈ પ્રજાપતીનો માનું છું. મંડળીના તમામકાર્યમાં સીધી નજર રાખે છે. ઝીણવટ ભર્યુ ચોકસાઈથી કામકરે છે. સંપૂર્ણ ૧૦૦ ટકા હાજર રહી રોજે રોજના કાર્યમાં પ્રત્યક્ષ હાજર રહી સૌને માર્ગદર્શન પુરુ પાડે છે. અને મારા કાર્યને અને જવાબદારીને હળવી કરે છે. તેમનો ખાસ આભાર માનું છું.

બાકી સૌ ડિરેકટરશ્રીઓ, નરેન્દ્રભાઈ શાહ, જયેશભાઈ ગાંધી, ઈકબાલભાઈ કાંકરોલીયા, પ્રવિણભાઈ પટેલ, મનીષભાઈ ભાવસાર, કિરીટભાઈ શેઠ, અબ્દુલરહેમાનભાઈ સુથાર, તારાચંદભાઈ શાહ, મુકુન્દભાઈ શાહ અને બહેનોમાં શ્રીમતી જયોત્સનાબેન ભાવસાર અને શ્રીમતી નિધીબેન શેઠ સૌએ પૂરો સાથ આપી કાર્યને સરળ બનાવ્યું છે. સૌનો ખાસ આભાર. મુકુન્દભાઈ એ પ્રચાર અને પ્રસાર નું કાર્ય પણ સફળતાપૂર્વક પુરી ધગશથી મંડળીના કાર્યને સારી ઓળખ અપાવી છે તેમનો આભાર માનું છું.

મંડળીના સ્ટાફ મિત્રો, મંડળીના હાથ પગ અને હૈયુ છે. મેનેજર નરેશભાઈ શાહની કાર્ય પધ્ધતિ ઝીણવટભરી નજર, પ્રામાણિકતા, નિષ્ઠા, કરકસર થી સરસ કાર્ય કરી રહયા છે. અને મંડળીની પ્રતિષ્ઠા વધારવામાં એમનો અગ્રેસર ફાળો રહયો છે. તેમનો આભાર માનું છું. અને ધન્યવાદ પાઠવું છું. અન્ય સ્ટાફ મિત્રો દિલીપભાઈ પ્રજાપતી, હસમુખભાઈ પ્રજાપતી, સોલંકી સૌ ધગશથી ખંતથી ઝીણવટથી કાર્ય કરી રહયા છે. સૌ સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવું છું.

અંતમાં શહેરની તમામસહકારી બેન્કો, ખાનગી બેન્કો અને સરકારી બેન્કોના મેનેજરશ્રી, સ્ટાફમિત્રોનો વર્ષ દરમિયાન સાથ અને સહકાર મળેલ છે. તે સૌનો આભાર.

જીલ્લા રજિસ્ટ્રારશ્રી અને ઓફિસ સ્ટાફ તથા ઓડિટરના સહકારને કેમભૂલાય ? સૌનો સાથ સહકાર અને હૂંફથી કાર્ય સરળ બન્યું છે. સૌનો આભાર વ્યકત કરૂ છું.

મને એકધારા ૨૬ વર્ષથી આપની સેવા કરવાનો આપે જે અવસર આપેલ છે અને મારા કાર્યમાં વિશ્વાસ મુકેલ છે જેનો મને ખૂબ ખૂબ આનંદ છે. ફરીથી આપ સૌનો આભાર વ્યકત કરૂ છું. મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ભાવના સાથે વિરમું છું. સર્વેનો આભાર. જય હિન્દ.... જય ભારત.....

**નવીનભાઈ વી. શાહ**
વાઈસ ચેરમેન

**રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેકટર

**લિ. સ્નેહાધિન**
**પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન
જય ભારત.... જય હિન્દ

**શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ** ( C.E.B )
**તથા તમામ ડિરેક્ટરશ્રીઓ અને સ્ટાફ મિત્રો**

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

## તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ

| તા.૩૧-૦૩-૨૦૨૨ રૂા. પૈસા | ઉપજ | રકમ | તા.૩૧-૦૩-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧,૯૦,૯૯,૪૩૪-૦૦ | **વ્યાજ મળેલ તથા મળવા પાત્ર** | - | ૨,૦૫,૪૫,૨૧૫-૦૦ |
| ૩૯,૪૫,૯૧૬-૦૦ | રોકાણ ઉપર | ૨૬,૭૧,૧૨૬-૦૦ | |
| ૧,૫૧,૫૩,૫૧૮-૦૦ | ધિરાણ ઉપર | ૧,૭૮,૭૪,૦૮૯-૦૦ | |
| ૩,૦૪,૭૨૩-૦૧ | **અન્ય આવક** | | ૧,૮૮,૯૬૪-૬૦ |
| ૧૭,૦૭૭-૦૧ | કમીશન | ૩૭,૦૪૦-૬૦ | |
| ૩૯,૦૪૦-૦૦ | એજન્ટ કમીશન | ૩૩,૫૦૯-૦૦ | |
| ૧,૯૩૨-૦૦ | ડીવીડન્ડ | ૧,૯૩૨-૦૦ | |
| ૩૫૦-૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૧૫૦-૦૦ | |
| ૭૧,૩૨૪-૦૦ | આઈ.ટી.રીફંડ વ્યાજ | ૧૧,૩૩૩-૦૦ | |
| ૧,૭૫,૦૦૦-૦૦ | મહિલા ઉત્કર્ષ ઈન્સેન્ટીવ | ૧,૦૫,૦૦૦-૦૦ | |
| ૧,૯૪,૦૪,૧૫૭-૦૧ | | | ૨,૦૭,૩૪,૧૭૯-૬૦ |

**પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન

**શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ**
સી.ઈ.બી. (સલાહકાર)

**નવીનભાઈ વી. શાહ**
વાઈસ ચેરમેન

**રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેકટર

### ડિરેકટર્સ

**શ્રી ઈકબાલભાઈ ડી. કાંકરોલીયા**
**શ્રી જયેશભાઈ સી. ગાંધી**
**શ્રી કીરીટકુમાર આર. શેઠ**
**શ્રી અબ્દુલ રહેમાન એ. સુથાર**
**શ્રી પ્રવિણભાઈ જે. પટેલ**
**શ્રી મુકુંદભાઈ એસ. શાહ**
**શ્રી તારાચંદભાઈ પી. શાહ**
**શ્રી નરેન્દ્રભાઈ એચ. શાહ**
**શ્રી મનીષભાઈ કે. ભાવસાર**
**શ્રીમતી જ્યોત્સનાબેન એમ. ભાવસાર**
**શ્રીમતી નીધીબેન વી. શેઠ**

**શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.**

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

# પુરા થતાં વર્ષનું નફા - નુકશાન ખાતુ

| તા. ૩૧-૦૩-૨૦૨૨ રૂ. પૈસા | ખર્ચા | રકમ | તા. ૩૧-૦૩-૨૦૨૩ રૂ. પૈસા |
|---|---|---|---|
| (૧,૧૪,૪૦,૯૪૩-૧૦) | **વ્યાજ આપેલ તથા આપવા પાત્ર** | | ૧,૦૯,૫૪,૪૭૭-૬૬ |
| ૧,૧૪,૨૮,૬૭૨-૩૦ | થાપણ ઉપર | ૧,૦૮,૯૪,૦૬૮-૦૦ | |
| ૧૨,૨૭૦-૮૦ | કરજ ઉપર | ૬૦,૪૦૯-૬૬ | |
| (૧૯,૪૯,૮૪૮.૩૬) | **અન્ય ખર્ચા** | (૩૨,૭૦,૫૦૭-૩૪) | |
| ૧૯,૮૭૦-૦૦ | ઓફીસ ખર્ચ | | ૧૮,૩૬૬-૦૦ |
| ૩૪,૨૯૦-૦૦ | પરચુરણ ખર્ચ | | ૩૦,૯૧૨-૦૦ |
| ૧,૪૦૦-૦૦ | સાધારણ સભા ખર્ચ | | ૨,૮૯૦-૦૦ |
| ૩૧,૬૯૦-૦૦ | સરભરા ખર્ચ | | ૪,૯૨૦-૦૦ |
| ૫૬૦-૦૦ | પોસ્ટ તથા રેવન્યુ | | ૬૨૦-૦૦ |
| ૪૦,૮૨૧-૦૦ | સ્ટેશનરી તથા પ્રિન્ટીંગ | | ૧,૯૧,૭૮૫-૦૦ |
| ૧૪,૯૦૦-૦૦ | મુસાફરી ખર્ચ | | ૧૫,૦૦૦-૦૦ |
| ૬,૮૪૪-૦૦ | વીમા ખર્ચ | | ૬,૮૪૪-૦૦ |
| ૮,૨૯,૮૪૦-૦૦ | સ્ટાફ પગાર ખર્ચ | | ૧૧,૨૪,૬૩૦-૦૦ |
| ૧૮,૪૫૫-૦૦ | ટેલીફોન બીલ ખર્ચ | | ૧૪,૧૫૭-૦૦ |
| ૨૧,૩૪૨-૦૦ | ઈલેકટ્રીક બીલ ખર્ચ | | ૩૨,૦૧૩-૦૦ |
| ૩,૧૧,૬૩૧-૦૦ | એજન્ટ કમીશન ખર્ચ | | ૩,૫૪,૫૬૯-૦૦ |
| ૧૧,૦૦૦-૦૦ | ઓડીટ ફી | | ૧૪,૦૦૦-૦૦ |
| - | વકીલ ફી | | ૮૨,૦૦૦-૦૦ |
| ૧,૬૪૦-૦૦ | કોમ્પ્યુટર સ્ટેશનરી ખર્ચ | | ૨,૯૮૦-૦૦ |
| ૧૩,૯૯૦-૦૦ | કોમ્પ્યુટર રીપેરીંગ ખર્ચ તથા મેન્ટેનન્સ | | ૩૩,૫૨૦-૦૦ |
| ૧,૦૯,૧૦૫-૦૦ | ઘસારા ખર્ચ | | ૪,૧૬,૬૪૯-૦૦ |
| ૩,૨૫૦-૩૬ | બેંક કમિશન ખર્ચ | | ૩,૯૧૨-૩૪ |
| ૯૦૦-૦૦ | એ.સી.સર્વિસ ચાર્જ ખર્ચ | | ૯૦૦-૦૦ |
| ૬૮,૦૦૦-૦૦ | સ્ટાફ ગ્રેજ્યુટી ખર્ચ | | ૮૪,૦૦૦-૦૦ |
| ૧,૫૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | | ૧,૫૦૦-૦૦ |
| ૯૫,૮૨૦-૦૦ | સ્ટાફ પ્રોવિન્ડન્ડ ખર્ચ | | ૧,૦૫,૮૪૦-૦૦ |
| ૩,૦૦,૦૦૦-૦૦ | ઈમરજન્સી લાયબીલીટી | | ૭,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | જાહેરાત ખર્ચ | | ૨૭,૫૦૦-૦૦ |
| ૧૦,૦૦૦-૦૦ | કોવિડ ૧૯ મહામારી ખર્ચ | | ૦૦-૦૦ |
| ૨,૦૦૦-૦૦ | લીગલ ખર્ચ | | ૧,૦૦૦-૦૦ |
| | કુલ...... | | ૧,૪૨,૨૪,૯૮૫-૦૦ |
| ૬૦,૧૩,૩૬૫-૫૫ | નફો સરવૈયામાં લઈ ગયા તે..... | | ૬૫,૦૯,૧૯૪-૬૦ |
| **૧,૯૪,૦૪,૧૫૭-૦૧** | ટોટલ | | **૨,૦૭,૩૪,૧૭૯-૬૦** |

**ઓડીટરશ્રી મણીભાઈ એસ. સુતરીયા**
નિવૃત સ્પેશીયલ ઓડીટર વર્ગ-૨, સહકારી મંડળીઓ, હિંમતનગર પેનલ નં.-૨૩ (સા.કાં.)

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

## તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજ

| તા.૩૧-૦૩-૨૦૨૨ રૂા. પૈસા | મુડી તથા દેવાની વિગત | રકમ | તા.૩૧-૦૩-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧૨,૯૬,૧૫૦-૦૦ | **શેર ભંડોળ** | | ૧૨,૯૭,૬૫૦-૦૦ |
| ૨૯,૩૯,૧૩૨-૦૦ | **અનામત ભંડોળ** | | ૩૫,૪૦,૫૧૫-૦૦ |
| ૧,૨૬,૦૦૦-૦૦ | અનામત HPV ભંડોળ | ૧,૬૬,૦૦૦-૦૦ | |
| ૧,૧૪,૮૯૪-૦૦ | એજન્ટ દૈનિક બચત | ૧,૭૮,૭૭૮-૦૦ | |
| ૫૪૦-૦૦ | ડીવીડન્ડ ૨૦૧૮-૧૯ | ૦૦-૦૦ | |
| ૫૭૦-૦૦ | ડીવીડન્ડ ૨૦૧૯-૨૦ | ૫૧૦-૦૦ | |
| ૭૫૦-૦૦ | ડીવીડન્ડ ૨૦૨૦-૨૧ | ૬૯૦-૦૦ | |
| - | ડીવીડન્ડ ૨૦૨૧-૨૨ | ૬૯૦-૦૦ | |
| ૧૩,૯૫,૫૭૧-૦૦ | સ્ટાફ ગ્રેજ્યુટી અનામત | ૧૪,૯૩,૭૭૨-૦૦ | |
| ૧૧,૨૧,૧૯૭-૦૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ | ૧૪,૨૧,૪૮૫-૦૦ | |
| ૩૯,૬૧૦-૦૦ | સન્ડ્રી ક્રેડિટર્સ | ૫૪,૫૯૦-૦૦ | |
| ૧,૪૦,૦૦૦-૦૦ | મહિલા ઉત્કર્ષ ફંડ | ૨,૨૪,૦૦૦-૦૦ | |
| ૭,૨૫,૬૬૪-૨૨ | **વ્યાજ ચુકવવા પાત્ર** | | ૮૫,૧૭,૨૭૫-૨૨ |
| (૩,૪૪,૪૪,૨૩૨-૩૧) | **ફન્ડસ** | | ૩,૯૮,૬૬,૮૬૩-૮૬ |
| ૧,૨૦,૪૧,૪૬૪-૦૬ | રીઝર્વ ફંડ | ૧,૩૮,૨૨,૩૩૪-૬૧ | |
| ૭,૭૪,૦૯૭-૦૦ | ડીવીડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | ૮,૯૪,૩૬૪-૦૦ | |
| ૨૮,૩૫,૨૨૪-૨૫ | મકાન ફંડ | ૩૨,૪૬,૬૪૯-૨૫ | |
| ૪૮,૨૯,૦૪૧-૦૦ | સભાસદ વેલફેર ફંડ | ૪૯,૯૦,૬૨૧-૦૦ | |
| ૯,૪૪,૦૫૧-૦૦ | ધર્માદા ફંડ | ૧૦,૬૬,૭૬૪-૦૦ | |
| ૩૬,૪૯,૦૨૮-૦૦ | શકમંદ લેણા ફંડ | ૪૨,૬૬,૧૬૭-૦૦ | |
| ૧૮,૨૨,૩૬૮-૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૨૨,૩૩,૭૯૩-૦૦ | |
| ૧૪,૫૫૩-૦૦ | સ્ટાફ બોનસ ફંડ | ૧૪,૫૫૩-૦૦ | |
| ૧૦,૬૮,૮૦૧-૦૦ | સ્ટાફ બેનીફીટ ફંડ | ૧૨,૭૪,૫૧૪-૦૦ | |
| ૨૪,૮૦,૦૫૮-૦૦ | ઉત્સવ ફંડ | ૨૯,૫૪,૯૦૮-૦૦ | |
| ૯,૮૫,૫૪૭-૦૦ | ઘસારા ફંડ | ૧૪,૦૨,૧૯૬-૦૦ | |
| ૨૯,૦૦,૦૦૦-૦૦ | ઈમરજન્સી સીકયોર ફંડ | ૩૬,૦૦,૦૦૦-૦૦ | |
| ૧,૦૦,૦૦૦-૦૦ | NPA ફંડ | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| (૧૮,૯૭,૯૨,૫૪૮-૭૦) | **થાપણ** | | ૨૦,૩૧,૭૫,૬૯૨-૭૦ |
| ૧૫,૬૨,૦૩,૨૯૩-૦૦ | ક્યુમીલેટીવ ડીપોઝીટ | ૧૬,૫૬,૦૦,૭૪૫-૦૦ | |
| ૭૬,૮૦,૧૩૩-૦૦ | બાંધી મુદત | ૯૬,૧૩,૭૨૪-૦૦ | |
| ૫૯,૫૦,૯૩૮-૯૦ | સેવિંગ્સ બચત | ૫૭,૭૨,૭૪૪-૯૦ | |
| ૬૯,૩૯,૨૪૫-૮૦ | મેમ્બર્સ ફરજીયાત બચત | ૮૩,૧૬,૯૧૫-૮૦ | |
| ૯૬,૭૨,૦૩૪-૦૦ | દૈનિક બચત | ૧,૧૪,૧૦,૬૬૪-૦૦ | |
| ૨૯,૦૭,૧૦૦-૦૦ | માસીક બચત | ૧૯,૫૯,૪૦૦-૦૦ | |
| ૪,૩૯,૮૦૪-૦૦ | એજન્ટ ડીપોઝીટ | ૫,૦૧,૪૯૯-૦૦ | |
| | - | | |
| ૬૦,૧૩,૩૬૫-૫૫ | નફો લાવ્યા તે....... | | ૬૫,૦૯,૧૯૪-૬૦ |
| **૨૩,૫૨,૧૧,૦૯૨-૭૮** | **ટોટલ** | | **૨૬,૨૯,૦૭,૧૯૧-૩૮** |

**ઓડીટરશ્રી મણીભાઈ એસ. સુતરીયા**
નિવૃત સ્પેશીયલ ઓડીટર વર્ગ-૨, સહકારી મંડળીઓ, હિંમતનગર પેનલ નં.-૨૩ (સા.કાં.)

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર

શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.
માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

# પુરા થતાં વર્ષનું સરવૈયું

| તા.૩૧-૦૩-૨૦૨૨ રૂા. પૈસા | મિલકત અને લેણુ | રકમ | તા.૩૧-૦૩-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| **૧૬,૫૪,૯૯,૬૯૮-૦૦** | **ધિરાણ** | | **૧૯,૩૫,૧૦,૩૮૭-૦૦** |
| ૧૧,૧૪,૯૬૪-૦૦ | વ્યક્તિગત લોન | ૧૩,૭૭,૦૬૪-૦૦ | |
| ૪,૨૬,૭૮,૫૩૫-૦૦ | વ્હીકલ લોન | ૭,૮૨,૯૮,૭૭૨-૦૦ | |
| ૧,૫૩,૬૧,૧૬૨-૦૦ | FD OD લોન | ૧,૦૨,૯૭,૭૪૬-૦૦ | |
| ૨૨,૩૧,૩૮૦-૦૦ | કન્ઝુમર લોન | ૧૮,૩૮,૬૭૦-૦૦ | |
| ૮,૩૧,૦૨,૦૬૦-૦૦ | સ્થાવર મિલ્કત સામે લોન | ૮,૬૯,૪૫,૧૧૧-૦૦ | |
| ૧,૪૮,૨૬,૬૫૨-૦૦ | હાઉસીંગ લોન | ૧,૩૫,૬૪,૪૯૭-૦૦ | |
| - | ગર્વમેન્ટ સીક્યુરીટી સામે | ૨,૫૦,૪૯૪-૦૦ | |
| ૬,૧૪,૮૬૦-૦૦ | સ્ટાફ લોન | ૩૪,૮૧૫-૦૦ | |
| ૩૨,૨૦,૦૮૫-૦૦ | આત્મનિર્ભર ગુજરાત સહાય લોન | ૨,૬૩,૧૧૮-૦૦ | |
| ૨૩,૫૦,૦૦૦-૦૦ | મહિલા ઉત્કર્ષ સહાય લોન | ૬,૪૦,૧૦૦-૦૦ | |
| **૫,૧૭,૫૮૫-૦૦** | **વ્યાજ મળવા પાત્ર** | | **૨,૭૭,૦૮૯-૦૦** |
| ૧૫,૮૨,૧૨૯-૦૦ | ડેડ સ્ટોક | | ૧૬,૧૨,૪૨૯-૦૦ |
| ૧૬,૧૦૦-૦૦ | સા.કાં.બેંક શેર (સભાસદ) | | ૧૬,૧૦૦-૦૦ |
| ૫,૦૦૦-૦૦ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ | | ૫,૦૦૦-૦૦ |
| ૨૭,૯૦,૫૮૦-૦૦ | ઓફીસ બિલ્ડીંગ ખાતે | | ૨૭,૯૮,૬૮૦-૦૦ |
| ૨,૬૧,૧૬૯-૦૦ | T.D.S. ખાતુ | | ૨,૩૨,૯૬૧-૦૦ |
| ૧૧,૭૧૯-૦૦ | ઈલેકટ્રીસીટી ડીપોઝીટ | | ૧૧,૭૧૯-૦૦ |
| ૫,૬૯,૯૩૦-૦૦ | ટેક્ષ પેઈડ ઓન એસેસમેન્ટ | | ૭,૩૨,૩૮૯-૦૦ |
| **૬,૧૮,૩૩,૬૪૪-૦૦** | **બેંક બેલેન્સ** | | **૬,૩૫,૯૫,૫૫૨-૦૦** |
| ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા FD | ૮૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૦,૦૦,૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડીયા FD | ૦૦-૦૦ | |
| ૩૫,૦૦,૦૦૦-૦૦ | બેંક ઓફ બરોડા FD | ૫,૦૫,૬૫૯-૦૦ | |
| ૪,૬૩,૩૩,૬૪૪-૦૦ | સાં.કાં.ડી.સે.કો.બેંક FD | ૫,૪૫,૮૯,૮૯૩-૦૦ | |
| ૧૬,૫૩૬-૦૦ | સા.કાં. બેંક કરંટ ખાતુ | | ૨,૮૭૨-૦૦ |
| ૨૭,૨૫૦-૦૦ | સા.કાં. બેંક OD ખાતુ | | ૫૯,૬૯૧-૦૦ |
| ૬,૧૧,૮૨૬-૦૦ | મોડાસા નાગ.બેંક કરંટ ખાતુ | | ૨,૫૨૫-૦૦ |
| ૨,૬૦૯-૪૮ | સર્વોદય સહ. બેંક કરંટ ખાતુ | | ૨,૫૨૫-૦૦ |
| ૧૩,૭૨,૫૮૩-૪૫ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા OD ખાતુ | | ૪૧,૬૭૩-૧૧ |
| ૪૨,૪૧૬-૭૧ | બેંક ઓફ બરોડા OD ખાતુ | | ૫,૦૭૪-૨૭ |
| ૪૯,૦૮૩-૧૪ | બેંક ઓફ ઈન્ડિયા OD ખાતુ | | ૦૦-૦૦ |
| ૧,૨૩૪-૦૦ | હાથ ઉપર સિલક | | ૫૨૫-૦૦ |
| **૨૩,૫૨,૧૧,૦૯૨-૭૮** | **ટોટલ** | | **૨૬,૨૯,૦૭,૧૯૧-૩૮** |

**ઓડીટરશ્રી મણીભાઈ એસ. સુતરીયા**
નિવૃત સ્પેશીયલ ઓડીટર વર્ગ-૨, સહકારી મંડળીઓ, હિંમતનગર પેનલ નં.-૨૩ (સા.કાં.)

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

SHRI CUTALARY-KARIYANA MER. SAH. SHARAFFI MANDLI LTD., MODASA.
માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ. અરવલ્લી ફોન નં. ૦૨૭૭૪-૨૪૫૧૪૬

## સભાસદ તથા ખાતેદારો જોગ

- કોઈપણ સભાસદ કે ખાતેદારના સરનામામાં ફેરફાર થયેલ હોય તેમણે ઓફિસે તુરંત લેખિત જાણ કરવા વિનંતી તથા KYC નોર્મસ પ્રમાણે એડ્રેસ પ્રુફ તેમજ મોબાઈલ નંબર આપવા વિનંતિ. **જેથી SMS સુવિધાનો લાભ લઈ શકો.**
- ધો.૧૦તથા ધો. ૧૨ ના દરેક પ્રવાહમાં જે સભાસદોના બાળકો ૬૦% માર્કસ ઉપરાંત મેળવી ઉત્તીર્ણ થયા હોય તેમણે તા. ૧૪-૦૮-૨૦૨૩ને સોમવાર સાંજે ૫-૦૦ કલાક સુધીમાં ઓફીસમાં માર્કશીટની ટુ કોપી આપી જવી. જેમના બાળકો આ બાળકો પૈકી એક થી ત્રણ નંબરે ઉત્તીર્ણ થયા હોય તેમને સંસ્થા તરફથી ઈનામ વાર્ષિક સભામાં તા.૨૦-૦૮-૨૦૨૩ એ આપવામાં આવશે.
- સભાસદોને મંડળી અકસ્માતે મૃત્યુ પામનાર સભાસદના વારસદારને રૂા. ૨૫,૦૦૦/- આપવામાં આવે છે. કુદરતી મૃત્યુ થતા સભાસદના વારસદારને રૂા. ૫,૦૦૦/- આપવામાં આવે છે. સભાસદોની જાણ સારૂ.

## મંડળીના છેલ્લા ૧૪ વર્ષનો અહેવાલ

| વર્ષ | સભ્ય સંખ્યા | શેર ભંડોળ | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ | થાપણ | ધિરાણ | નફો | ડિવીડન્ડ | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૩૬૧ | ૧૧,૮૪,૧૫૦-૦૦ | ૪૦,૯૩,૮૭૫-૦૦ | ૨,૬૧,૯૭,૦૩૧-૦૦ | ૨,૧૭,૨૯,૦૭૨-૦૦ | ૯,૮૦,૪૮૬-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૦-૧૧ | ૧૪૧૯ | ૧૨,૩૯,૪૦૦-૦૦ | ૪૮,૨૫,૪૪૯-૦૦ | ૩,૨૧,૩૬,૧૨૦-૦૦ | ૨,૯૪,૯૯,૫૮૮-૦૦ | ૧૦,૨૪,૫૦૬-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૬૪ | ૧૨,૯૦,૬૫૦-૦૦ | ૫૬,૯૨,૯૩૦-૦૦ | ૩,૮૩,૫૦,૩૬૧-૦૦ | ૩,૬૩,૬૩,૪૦૦-૦૦ | ૧૫,૨૪,૪૬૩-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૨-૧૩ | ૧૫૧૩ | ૧૩,૦૫,૧૫૦-૦૦ | ૬૭,૭૫,૭૩૩-૦૦ | ૪,૭૮,૨૨,૯૨૩-૦૦ | ૪,૧૬,૭૮,૮૨૪-૦૦ | ૧૬,૯૦,૧૧૪-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૩-૧૪ | ૧૫૩૭ | ૧૩,૦૦,૪૦૦-૦૦ | ૮૪,૭૯,૬૯૦-૦૦ | ૫,૫૭,૮૩,૩૫૨-૦૦ | ૪,૮૦,૦૦,૬૬૬-૦૦ | ૧૮,૫૧,૧૦૦-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૪-૧૫ | ૧૬૩૫ | ૧૩,૨૩,૧૫૦-૦૦ | ૧,૦૪,૭૫,૯૭૪-૦૦ | ૭,૯૪,૭૧,૮૧૭-૦૦ | ૬,૩૬,૮૮,૮૬૫-૦૦ | ૨૧,૨૧,૯૩૬-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૩૬ | ૧૩,૦૧,૯૦૦-૦૦ | ૧,૨૮,૫૬,૫૧૩-૦૦ | ૯,૬૨,૬૩,૪૧૮-૦૦ | ૭,૯૫,૭૮,૮૯૪-૦૦ | ૨૫,૨૦,૧૫૦-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૬-૧૭ | ૧૬૬૦ | ૧૨,૯૯,૪૦૦-૦૦ | ૧,૫૧,૬૭,૨૧૯-૦૦ | ૧૧,૦૦,૧૬,૩૩૪-૦૦ | ૯,૨૬,૮૮,૮૭૮-૦૦ | ૩૫,૦૩,૪૬૦-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૭-૧૮ | ૧૬૭૦ | ૧૨,૯૩,૯૦૦-૦૦ | ૧,૮૦,૩૮,૨૯૫-૦૦ | ૧૧,૭૫,૨૪,૩૧૫-૦૦ | ૧૦,૫૪,૨૪,૩૬૭-૦૦ | ૪૦,૦૨,૨૪૩-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૮-૧૯ | ૧૬૯૨ | ૧૨,૯૯,૪૦૦-૦૦ | ૨,૨૦,૪૭,૮૭૧-૦૦ | ૧૨,૭૬,૭૪,૩૯૦-૦૦ | ૧૦,૬૬,૧૮,૫૪૪-૦૦ | ૪૩,૦૬,૯૮૨-૦૦ | ૧૨% | અ |
| ૨૦૧૯-૨૦ | ૧૭૨૬ | ૧૩,૦૪,૬૫૦-૦૦ | ૨,૬૪,૨૦,૮૩૧-૦૦ | ૧૫,૫૨,૮૬,૨૩૦-૦૦ | ૧૨,૭૦,૬૯,૮૭૮-૦૦ | ૪૬,૭૪,૧૪૧-૦૦ | ૧૨% | અ |
| ૨૦૨૦-૨૧ | ૧૭૬૫ | ૧૩,૦૦,૪૦૦-૦૦ | ૩,૧૫,૩૫,૫૫૫-૦૦ | ૧૮,૮૮,૦૩,૧૬૧-૦૦ | ૧૩,૨૭,૨૨,૯૦૭-૦૦ | ૪૭,૧૫,૬૮૬-૦૦ | ૧૨% | અ |
| ૨૦૨૧-૨૨ | ૧૭૮૦ | ૧૨,૯૬,૧૫૦-૦૦ | ૩,૪૪,૪૪,૨૩૩-૦૦ | ૧૮,૯૭,૯૨,૫૪૮-૦૦ | ૧૬,૫૪,૯૯,૬૯૮-૦૦ | ૬૦,૧૩,૩૬૫-૦૦ | ૧૨% | અ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૩૭ | ૧૨,૯૭,૬૫૦-૦૦ | ૩,૯૮,૬૬,૮૬૪-૦૦ | ૨૦,૩૧,૭૫,૬૯૨-૦૦ | ૧૯,૩૫,૧૦,૩૮૭-૦૦ | ૬૫,૦૯,૧૯૪-૦૦ | ૧૨% ★ | અ |

★ વાર્ષિક સાધારણ સભામાં મંજુરીની અપેક્ષાએ

### ડીપોઝીટનો વ્યાજનો દર

| | સામાન્ય | સી.સીટીઝન |
|---|---|---|
| સેવિંગ્સ ખાતા પર | ૪.૦૦ % | ૪.૦૦ % |
| ૩૦ દિવસ થી ૩ માસ સુધી | ૪.૭૫ % | ૪.૭૫ % |
| ૩ માસ થી ઉપર ૬ માસ સુધી | ૫.૦૦ % | ૫.૦૦ % |
| ૬ માસ થી ઉપર ૧૨ માસ અંદર | ૫.૫૦ % | ૫.૫૦ % |
| ૧૨ માસ અને તેની ઉપર... ૨ વર્ષ નીચે | ૬.૭૫ % | ૭.૨૫ % |
| ૨૪ માસ માટે | ૭.૨૫ % | ૭.૭૫ % |
| દૈનિક બચત માટે વ્યાજ | ૩.૦૦ % | |
| માસિક રીકરીંગ બચત | ૫.૭૫ % | |

### K.Y.C નોર્મસનો અમલ કરવા બાબત

આથી તમામ સભાસદ ભાઈઓને જણાવવાનું કે રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા. ૪-૯-૨૦૧૦ ના પરિપત્રના સંદર્ભે દરેક ડીપોઝીટર અને સભાસદોએ નીચે જણાવેલ પોતાની ઓળખ માટેના પુરાવા ન આપેલ હોય તેઓએ મંડળીની ઓફિસમાં આપવાના રહેશે.

(૧) ફોટા (૨) આધારકાર્ડ (૩) પાનકાર્ડ

| ક્રમ | ધિરાણનો પ્રકાર | વ્યાજનો દર | | હપ્તા | |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત ધિરાણ | ૫૦,૦૦૦/- સુધી | ૧૫.૦૦ % | ૩૬ હપ્તા | - |
| ૨ | એચ.પી. વ્હીકલ નવા વાહન | ફોર વ્હીલ | ૮.૫૦ % | બીલના ૮૫ % | ૪૦ હપ્તા |
| | | | ૮.૭૫ % | બીલના ૮૫ % | ૪૮ હપ્તા |
| | | | ૯.૦૦ % | બીલના ૮૫ % | ૬૦ હપ્તા |
| | | ટુ વ્હીલ | ૧૧.૫૦ % | બીલના ૮૫ % | ૪૦ હપ્તા |
| | કોમર્શીયલ વાહન | | ૧૦.૦૦% / ૧૦.૫૦% / ૧૧.૦૦ % | બીલના ૮૫ % | ૪૦ હપ્તા / ૪૮ હપ્તા / ૬૦ હપ્તા |
| | જુના વાહન | | ૧૧.૫૦ % | બીલના ૬૦ % | ૪૦ હપ્તા |
| ૩ | F.D. / O.D. લોન | રસીદના દરથી | ૧.૫ % વધુ | ૯૦ % મુજબ રકમ | - |
| ૪ | ગર્વમેન્ટ સીક્યુરીટી સામે | ૭૦% સુધી | ૧૧.૦૦ % વધુ | KVP / IVP / NSS | - |
| ૫ | કન્ઝયુમર (મશીનરી લોન) | | ૧૩.૦૦ % વધુ | બીલના ૭૫ % | ૩૬ હપ્તા |
| ૬ | સ્થાવર મિલ્કત સામે ઈક્વીટેબલ મોર્ગેજ | | ૧૦.૫૦ % વધુ | ૪૮ હપ્તા માટે | - |
| | | | ૧૧.૫૦ % વધુ | ૮૪ હપ્તા માટે | - |
| ૭ | હાઉસીંગ લોન | | ૧૦.૫૦ % વધુ | ૮૪ હપ્તા માટે | - |

# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.



શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ. મોડાસા ની રજત જયંતિ મહોત્સવમાં દીપ પ્રાગટ્ય કરતા મંડળીના સી.ઈ.બી. ઈસ્માઈલભાઈ દાદુ, જી.ટી.યુ. કુલપતીશ્રી નવીનભાઈ શેઠ, મંડળીના ચેરમેનશ્રી પંકજભાઈ બુટાલા, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખશ્રી યોગેશભાઈ પરીખ અને તેમના શ્રીમતી, અરવલ્લી ચેમ્બરના પ્રમુખશ્રી કનુભાઈ પટેલ, મ.લા.ગાંધી.ઉ.કે.મંડળ પ્રમુખશ્રી નવીનચંદ્ર મોદી, અરવલ્લી જિલ્લા સહકારી સંઘ અધ્યક્ષશ્રી પ્રભુદાસભાઈ પટેલ, સેવા સંઘ સાર્વજનિક હોસ્પિટલના ચેરમેનશ્રી જીગીશભાઈ મહેતા, મોડાસા નાગરીક બેંકના ચેરમેનશ્રી દિપકભાઈ શાહ, મંડળીના વા.ચેરમેનશ્રી નવિનભાઈ શાહ, એસો.પ્રમુખશ્રી કિરીટભાઈ શાહ, મંડળીના એમ.ડી.શ્રી રમણભાઈ પ્રજાપતિ, તથા શ્રી જગદીશભાઈ ભાવસાર તેમજ મંડળીના ડિરેક્ટરશ્રીઓ પાછળની હરોળમાં નજરે પડે છે.

## ૨૬મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ., મોડાસાના તમામ સભાસદ ભાઈઓ અને બહેનોને વિનંતી કરવાની કે મંડળીની છવ્વીસમી વાર્ષિક સાધારણ સભા **તા. ૨૦-૦૮-૨૦૨૩ ને રવિવાર ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી સભાગૃહ,મોડાસામાં** નીચેના કામોના નિકાલ કરવા મળશે,તો સમયસર પધારવા વિનંતી છે.

## કામકાજની વિગત

(૧) ગત સાધારણ સભાનું પ્રોસીડીંગ વંચાણમાં લઈ બહાલી આપવા બાબત

(૨) સને ૨૦૨૨-૨૩ ની સાલના કામકાજોનો અહેવાલ, મંડળીનું સરવૈયું તથા નફા-તોટાનો હિસાબ બહાલ રાખવા બાબત.

(૩) સને ૨૦૨૨-૨૦૨૩ ની સાલના નફાની વહેંચણી તથા ડીવીડન્ડ, બોર્ડ ઓફ ડીરેક્ટર્સ એ ભલામણ કર્યા મુજબ બહાલ રાખવા બાબત.

(૪) સને ૨૦૨૨-૨૩ નું ઓડીટ રીપોર્ટ વંચાણે લેવા બાબત.

(૫) સભાસદોના બાળકો પૈકી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ.

(૬) ચેરમેનશ્રી તરફથી અથવા તેમની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

મોડાસા
તા. ૨૪-૦૭-૨૦૨૩

પંકજભાઈ બી. બુટાલા
ચેરમેન
શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

નોંધ : (૧) વાર્ષિક સભાના દિવસે જો સમયસર કોરમ નહિ થાય તો નક્કી કરેલા સમયના અડધા કલાક પછી સભાનું એજન્ડા અનુસાર કામકાજ શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે જેની દરેક સભાસદોએ નોંધ લેવી.

આ રીપોર્ટની નકલ સાધારણ સભામાં સાથે લાવવા વિનંતી છે.

# રજત જયંતિ વર્ષ નિમિત્તે મંડળીની વિવિધ પ્રવૃત્તિઓ



મોડાસાની સહારા સોસાયટી મુસ્લિમ વિસ્તારમાં નિઃશુલ્ક મોતીયા કેમ્પ યોજવામાં આવ્યો.



અરવલ્લી જિલ્લા કલા મહાકુંભ ૨૦૨૧-૨૨ના પ્રસંગમાં ઉપસ્થિત જિલ્લા કલેક્ટરશ્રી અને મંડળીના ચેરમેન દિપ પ્રાગટ્ય કરતાં નજરે પડે છે.



રજત જયંતિ વર્ષ નિમિત્તે B KANAI ENGLISH MEDIUM સ્કુલમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો.



રજત જયંતિ વર્ષ નિમિત્તે પારિવારીક નાટક "સંસ્કાર"નું આયોજન કરવામાં આવ્યું



મંડળીની રજત જયંતિ મહોત્સવ ઉજવણી પ્રસંગે તા.૧૭-૦૭-૨૦૨૨ના રોજ મંડળીના ચેરમેનશ્રી ઉદ્‌બોધન કરતાં, વાર્ષિક અહેવાલ તથા સ્મરણિકાનું વિમોચન કરતા તેમજ G.T.U. કુલપતિશ્રી નવિન શેઠની પુસ્તિકા વિમોચન કરતા તથા ગુજરાત ચેમ્બરના ઉ.પ્રમુખશ્રી. યોગેશભાઈ પરીખનો જન્મ દિવસ ઉજવતા નજરે પડે છે.


**શ્રી કટલરી કરીયાણા મરચન્ટ**
**સહકારી શરાફી મંડળી લિ.**
માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫ જિ.અરવલ્લી,
ફોન નં.૦૨૭૭૪-૨૪૫૧૪૬
E-mail : ckms1997.mod@gmail.com,
Web : www.ckmsmodasa.in


To,